# ॥ શ્રીમદ્ભગવદ્ગીતા શુદ્ધ ઉચ્ચાર માર્ગદર્શિકા - સ્તર 3 ॥

## વિશિષ્ટ સ્વર અને તેની માત્રાઓ -

- ઋ' અને 'ૠ' આ સંસ્કૃતના એવા સ્વરો છે જે ઉચ્ચાર વખતે વ્યંજન જેવા દેખાય છે પરંતુ વાસ્તવમાં વ્યંજન નથી. તેમની માત્રા 'ૃ' અને 'ૄ'. તેમાંથી પ્રથમ હ્રસ્વ અને બીજો દીર્ઘ સ્વર છે.

## વર્ણો ના સંયોજનમાં રેફની સ્થાનાનુસાર માત્રઓ -

- 'ર્' અક્ષરનો કોઈપણ અક્ષર સાથે બે પ્રકારે સંયોગ થાય છે. જો તે સંયોજનમાં પ્રથમ હોય, તો તે એ અક્ષર ઉપર ર્ લખાય છે, દા.ત. - કર્મ. અને જો બીજા ક્રમાંકે આવે તો અક્ષર નીચે ્ર આ રીતે લખાય છે, દા.ત. - ક્રમ.

## સંયુક્ત અક્ષરો લખવાની અને વાંચવાની પદ્ધતિ -

સંયુક્ત અક્ષરોને દેવનાગરીમાં બે પ્રકારે લખાય છે

- પ્રથમ પદ્ધતિમાં 'એકની ઉપર બીજો' એટલે કે પ્રથમ વ્યંજન સહુથી ઉપર અને પછી ક્રમશઃ નીચેની તરફ વ્યંજનને જોડવામાં આવે છે. દા.ત. - ઉદ્ભવ
- બીજી પદ્ધતિમાં, વ્યંજનો જે ક્રમમાં છે એજ રીતે લખવામાં આવે છે. બંને પદ્ધતિમાં જે વર્ણ પ્રથમ છે તેનો પ્રથમ અને ક્રમશ: બાકી વર્ણોનો ઉચ્ચાર કરાય છે. દા.ત. - ઉદ્‌ભવ


ગીતા પરિવારના સાહિત્ય નો ઉપયોગ કોઇ અન્ય સ્થાને કરવા માટે પૂર્વાનુમતિ આવશ્યક છે

# સંધિ-નિયમ

બે અક્ષરો સાથે આવે ત્યારે સંધિ થાય છે. જો આવનારા અક્ષરો સ્વર હોય તો એ સ્વરસંધિ અને વ્યંજન હોય તો વ્યંજન સંધિ, અનુસ્વાર હોય તો અનુસ્વાર સંધિ, અને વિસર્ગ હોય તો વિસર્ગ સંધિ થાય છે. સંધિ થાય ત્યારે સાથે આવેલા અક્ષરોમાંથી કોઇ એક અથવા બંને અક્ષરોમાં પરિવર્તન થાય છે. આ પરિવર્તન શું છે અને એ કેવી રીતે થાય છે તે સ્વર સંધિના નિયમો વિસ્તારપૂર્વક જાણીશું.

## સ્વર અથવા અચ્ સંધિ -

સ્વર સંધિ બે સ્વરો ની વચ્ચે થાય છે. તેમ સ્વરના પરિવર્તનના કારણોને લીધે તેને સ્વર-સંધિ કહેવામાં આવે છે. તેના ઘણા પ્રકારો છે -

### 1. દીર્ઘ સંધિ - અકઃ સવર્ણે દીર્ઘઃ

બે સજાતીય સ્વર સાથે આવે ત્યારે એ બંનેના સ્થાન પર એમનો સજાતીય **દીર્ઘ સ્વર** આવી જાય છે.

| એકત્ર આવનાર બે સ્વર | | બંનેના સ્થાન પર થનાર એક દીર્ઘ આદેશ | ઉદાહરણ |
|---|---|---|---|
| અ/આ | અ/આ | આ | ભય્+**અ**+**અ**ભયે= ભ**યાભયે**(18/30) |
| ઇ/ઈ | ઇ/ઈ | ઈ | ભ્રમત્+**ઇ**+**ઇ**વ = ભ્રમ**તી**વ (1/30) |
| ઉ/ઊ | ઉ/ઊ | ઊ | તેષ્+**ઉ**+**ઉ**પજાયતે = તે**ષૂ**પજાયતે (2/62) |
| ઋ/ૠ | ઋ/ૠ | ૠ | પિત્+**ઋ**+**ઋ**ણમ્ = પિ**તૄ**ણમ્<br>ગીતામાં આ સંધિ નો પ્રયોગ થયો નથી |

### 2. ગુણ સંધિ – અદેઙ્ ગુણઃ

સંધિ થવાવાળા અક્ષરોમાં પ્રથમ અક્ષર **'અ'** અથવા **'આ'** હોય અને બીજો અક્ષર **'ઇ', 'ઉ', 'ઋ'** અથવા **'લૃ'** માંથી કોઇ પણ એક હોય તો એ બંનેના સ્થાન પર ક્રમશઃ **'એ', 'ઓ', 'અર્'** અથવા **'અલ્'** આવે છે.

| એકત્ર આવનાર બે વર્ણ | | બંનેના સ્થાન પર આવનાર ગુણાદેશ | ઉદાહરણ |
|---|---|---|---|
| અ/આ | ઇ/ઈ | એ | વિગત્+**અ**+**ઇ**ચ્છા = વિગ**તે**ચ્છા (5/28) |
| | ઉ/ઊ | ઓ | પુર્+**આ**+**ઉ**વાચ = પુ**રો**વાચ(3/10) |
| | ઋ/ૠ | અર્ | મહ્+**આ**+**ઋ**ષિણામ્ = મ**હર્ષી**ણામ્ (10/2) |
| | લૃ | અલ્ | તવ્+**અ**+**લૃ**કારઃ = ત**વલ્**કારઃ<br>ગીતામાં આ સંધિ નો પ્રયોગ થયો નથી |


ગીતા પરિવારના સાહિત્ય નો ઉપયોગ કોઇ અન્ય સ્થાને કરવા માટે પૂર્વાનુમતિ આવશ્યક છે

## 3. યણ્ સંધિ - ઇકો યણચિ

સંધિ થવાવાળા અક્ષરોમાં જો પહેલો અક્ષર **'ઇ', 'ઉ', 'ઋ'** અથવા **' લૃ'** હ્રસ્વ અથવા દીર્ઘ સ્વર હોય અને બીજો અક્ષર જો કોઈપણ વિજાતીય સ્વર હોય તો પ્રથમ સ્વરના સ્થાન પર અનુક્રમે **ય્, વ્, ર્, અને લ્**, આ પ્રમાણે વ્યંજનો આદેશ બનીને દ્વિતીય સ્વર સાથે જોડાઈ જાશે.

| એકત્ર આવનારા અક્ષરોમાં પ્રથમ અક્ષર | એકત્ર આવનારા અક્ષરોમાં દ્વિતીય અક્ષર | સંધિ થયા પછ પ્રથમ સ્વરના સ્થાન પર થનાર યણાદેશ | ઉદાહરણ |
|---|---|---|---|
| ઇ/ઈ | અન્ય કોઇ પણ સ્વર | ય્ | કર્મણ્+ઇ+એવ =કર્મણ્યેવ (2/47) |
| ઉ/ઊ | | વ્ | ત્+ઉ+એવાહમ્ = ત્વેવાહમ્(2/12) |
| ઋ/ૠ | | ર્ | જાગ્+ઋ+અતિ=જાગ્રતિ (2/69) |
| લૃ | | લ્ | લૃ+આકૃતિ: = લાકૃતિ: ગીતામાં આ સંધિ નો પ્રયોગ થયો નથી |

## 4. વૃદ્ધિ સંધિ - વૃદ્ધિરાદૈચ્

સંધિ થવાવાળા અક્ષરોમાં જો પ્રથમ અક્ષર **'અ'** અથવા **'આ'** હોય અને દ્વિતીય અક્ષર **'એ'** કે **'ઐ'** અથવા **'ઓ'** કે **'ઔ'** હોય તો બંનેના સ્થાને અનુક્રમે **'ઐ'** અને **'ઔ'** થઈ જાય છે.

| એકત્ર આવનારા અક્ષરોમાં પ્રથમ અક્ષર | એકત્ર આવનારા અક્ષરોમાં દ્વિતીય અક્ષર | બંનેના સ્થાન પર આવવાળા વૃદ્ધિ સંધિ | ઉદાહરણ |
|---|---|---|---|
| અ/આ | એ/ઐ | ઐ | સહસ્ +આ+એવ = સહસૈવ(1/13) |
| | ઓ/ઔ | ઔ | ચ + અ + ઓષધિ: = ચૌષધિ: (15/13) |

## 5. અયાદિ સંધિ - એચોઽયવાયાવ:

સંધિ થવાવાળા અક્ષરોમાં જો પ્રથમ અક્ષર **'એ', 'ઐ', 'ઓ'** અથવા **'ઔ'** હોય અને બીજો અક્ષર **'કોઈપણ સ્વર'** હોય તો પ્રથમ અક્ષરના સ્થાને અનુક્રમે **'અય્', 'આય્', 'અવ્'** અને **'આવ્'** આદેશ થઇને બીજા સ્વર સાથે ભળી જાય છે.

| એકત્ર આવનારા અક્ષરોમાં પ્રથમ અક્ષર | એકત્ર આવનારા અક્ષરોમાં દ્વિતીય અક્ષર | પ્રથમ અક્ષર ના સ્થાન પર થનાર અયાદિ-આદેશ | ઉદાહરણ |
|---|---|---|---|
| એ | કોઈપણ સ્વર | અય્ | રાજર્ષ્+એ+અ: =રાજર્ષય: (4/2) |
| ઐ | | આય્ | ન્ +ઐ+અકા: = નાયકા: (1/7) |
| ઓ | | અવ્ | મન્ +ઓ+એ = મનવે (4/1 |
| ઔ | | આવ્ | દ્વૈ+ઔ+ ઇમૌ = દ્વાવિમૌ(15/16) |


ગીતા પરિવારના સાહિત્ય નો ઉપયોગ કોઇ અન્ય સ્થાને કરવા માટે પૂર્વાનુમતિ આવશ્યક છે

## 6. પૂર્વરૂપ સંધિ - એङः પદાન્તાદતિ

સંધિ થવાવાળા અક્ષરોમાં જો **પ્રથમ અક્ષર 'એ'** અથવા **'ઓ'** હોય અને બીજો અક્ષર **'અ'** હોય તો તે બંનેના સ્થાન પર અનુક્રમે **'એ'** અને **'ઓ'** થાય છે. લુપ્ત થયેલા 'અ' ને ઓળખવા માટે ऽ (અવગ્રહ) ચિહ્ન લાગે છે

| એકત્ર આવનારા અક્ષરોમાં પ્રથમ અક્ષર | એકત્ર આવનારા અક્ષરોમાં દ્વિતીય અક્ષર | બંનેના સ્થાન પર થનાર પૂર્વરૂપ આદેશ | ઉદાહરણ |
|---|---|---|---|
| એ | અ | એऽ | ત્+એ+અભિહિતા = તેऽભિહિતા (2/39) |
| ઓ | અ | ઓऽ | દૃષ્ટ્ +ઓ+અન્તઃ = દૃષ્ટોऽન્તઃ (2/16) |

# સામાન્ય મૂળાક્ષરો

- ## વર્ણમાળા -

  **સ્વર** – અ ,આ ,ઇ ,ઈ ,ઉ ,ઊ ,ઋ ,ૠ ,એ ,ઐ ,ઓ ,ઔ

  **વ્યંજન** -
  - **કંઠ્ય** - ક્ ખ્ ગ્ ઘ્ ઙ્
  - **તાલવ્ય** - ચ્ છ્ જ્, ઝ્, ઞ્
  - **મૂર્ધન્ય** - ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્
  - **દંત્ય** - ત્, થ્, દ્, ધ્, ન્
  - **ઓષ્ઠ્ય** - પ્, ફ્, બ્, ભ્, મ્

- **અંતઃસ્થ** - આમના ઉચ્ચારમાં વાયુ મુખમાંથી બહાર ન આવતા અંદરજ રહે છે. આથી તેમણે અંતઃસ્થ અક્ષર કહેવામાં આવે છે. ય્, વ્, ર્, લ્ આ બધા અંતઃસ્થ વર્ણ છે

- **ઉષ્મ** - તેમના ઉચ્ચારમાં, મુખમાંથી ઉષ્મા નીકળી જાય છે, તેથી તેમને ઉષ્મ અક્ષરો કહેવામાં આવે છે. શ્ , ષ્ , સ્ , હ્ આ ઉષ્મ અક્ષરો છે .

- **મૃદુ વ્યંજન** - પાંચ વ્યંજન વર્ગોનો ત્રીજો, ચોથો, પાંચમો અક્ષર (ગ્, ઘ્, ઙ્, જ્, ઝ્, ઞ્, ડ્, ઢ્, ણ્, દ્, ધ્, ન્, બ્, ભ્, મ્), અંતઃસ્થ અક્ષર (ય્, ર્, લ્, વ્) અને હ્, આ બધા મૃદુ વ્યંજન કહેવામાં આવે છે.

- **કઠોર વ્યંજન** - પાંચ વ્યંજન વર્ગોનો પહેલો અને બીજો અક્ષર (ક્, ખ્, ચ્, છ્, ટ્, ઠ્, ત્, થ્, પ્, ફ્) અને શ્, ષ્, સ્, આ બધા કઠોર વ્યંજન કહેવામાં આવે છે.

- **અલ્પપ્રાણ વ્યંજન** - જે વ્યંજનોને બોલવામાં ઓછો સમય લાગે છે અને બોલતી વખતે મુખમાંથી ઓછી હવા નીકળે, તેને અલ્પપ્રાણ વ્યંજન કહેવામા આવે છે. ક, ગ, ઙ, ચ, જ, ઞ, ટ, ડ, ણ, ડ઼, ત, દ, ન, પ, બ, મ, ય, ર, વ

- **મહાપ્રાણ વ્યંજન** - જે વ્યંજનોને બોલવામાં વધુ પ્રયત્ન કરવો પડે છે અને બોલતી વખતે મુખમાંથી વધુ હવા નીકળે, તેને મહાપ્રાણ વ્યંજન કહેવામાં આવે છે. ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ, શ, ષ, સ, હ

- **જિહ્વામૂલીય** - 'ક' અને 'ખ' ની પહેલા આવતા અર્ધ-વિસર્ગને જિહ્વામૂલીય (ખ*) કહેવાય છે. જેનો ઉચ્ચાર ખ જેવો કરવામાં આવે છે.

- **ઉપધ્માનીય** - 'પ' અને 'ફ' ની પહેલા આવતા અર્ધ-વિસર્ગને ઉપધ્માનીય (ફ*) કહેવાય છે. જેનો ઉચ્ચાર ફ જેવો કરવામાં આવે છે.

|| ઇતિ ||


ગીતા પરિવારના સાહિત્ય નો ઉપયોગ કોઇ અન્ય સ્થાને કરવા માટે પૂર્વાનુમતિ આવશ્યક છે